ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
: ૨૩૦૮૦૮/૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૫૩૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨
Email : dptco123@gmail.com, Website : www.dpthakker.com

ESTD DPT 1956

# ડી. પી. ઠક્કર એન્ડ કું.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ

ટેક્ષ કન્સલટન્ટસ

'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૯


તા. ૯-૩-૨૦૧૯

ભાઈશ્રી

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ તા. ૩૧/૩/૨૦૧૯ ના રોજ પુરૂ થાય છે એટલે આ નાણાકીય વર્ષ માટેની ઈન્કમટેક્ષ કાયદા હેઠળની કેટલીક જવાબદારીઓનું પાલન કરવું જરૂરી છે. તેની મુખ્ય વિગતો નીચે પ્રમાણે છે :-

## (૧) માર્ચ/એપ્રિલ ૨૦૧૯માં યાદ રાખી પાલન કરવાની જવાબદારી :-

(૧) એડવાન્સ ટેક્ષ ભરવાનો બાકી હોય તો તા. ૧૫/૩/૨૦૧૯ સુધી ભરી દેવો. ત્યાં સુધીમાં ન ભરાય તો તા. ૩૧-૩-૨૦૧૯ સુધી ભરી શકાય.

(૨) વ્યાજ કપાત કરવાની ના હોય તેમના Form No.15G કે Form No.15H તા.૩૧/૩/૨૦૧૯ પહેલા મેળવી તા.૭/૪/૨૦૧૯ સુધીમાં તેને Online રજુ કરવા પડે.

(૩) TDS ભરવાની હોય તે સમયસર ભરવી.

(૪) TCS ભરવાની હોય તે સમયસર ભરવી.

(૫) TDS અને TCS ના સ્ટેટમેન્ટ ફોર્મ નંબર 26Q અને 27EQ સમયસર ભરવા.

(૬) પગારની આવકમાંથી TDS કરેલ હોય તો તેનું સ્ટેટમેન્ટ ફોર્મ નંબર 24Q સમયસર ભરવું.

## (૨) એડવાન્સ ટેક્ષ :-

ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૮-૧૯ નો ઈન્કમટેક્ષ એડવાન્સ ટેક્ષ નો છેલ્લો હપ્તો તા. ૧૫/૩/૨૦૧૯ સુધીમાં ભરવાનો છે. આ અંગેની જરૂરી માહિતી નીચે પ્રમાણે છે.

(૧) વ્યકિત, HUF, ભાગીદારી પેઢી, કંપની, LLP., વિગેરે એ તેમની આવકનો ભરવાપાત્ર ટેક્ષ TDS બાદ કર્યા પછી જો રૂ. ૧૦,૦૦૦/- થી વધારે હોય તો એડવાન્સ ટેક્ષ ભરવો પડે.

(૨) અંગત તથા HUF ને આવકમાંથી મુખ્યત્વે નીચેની કપાતો બાદ મળે છે.

(૧) LIC/PPF/NSC/ટેક્ષ સેવર F.D./હાઉસિંગ લોન નો હપ્તો/બે બાળકોની ટયુશન ફી(અંગતને)/ સુકન્યા સમૃદ્ધિ સ્કીમ વિગેરેમાં કરેલ રોકાણ રૂ. ૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૨) નેશનલ પેન્સન સ્કીમ(NPS)માં રૂ. ૫૦,૦૦૦/- સુધીનું રોકાણ વધારાનું બાદ મળે છે.

(૩) મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રિમિયમ રૂ. ૨૫,૦૦૦/- સુધી અને હેલ્થ ચેક અપ ખર્ચ રૂ. ૫૦૦૦/- સુધી બાદ મળે છે. સીનીયર સીટીજનને મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રિમિયમ રૂ. ૩૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૪) પગારની આવક માંથી રૂ. ૪૦,૦૦૦/- સ્ટાન્ડર્ડ ડિડકશન બાદ મળે છે.

(૫) સેવિંગ ખાતાનું વ્યાજ રૂ. ૧૦,૦૦૦/- સુધી સીનીયર સીટીજન સિવાયની વ્યકિતને તથા HUF ને બાદ મળે છે. સીનીયર સીટીજનને બેન્ક તથા પોસ્ટ ઓફિસ FD નું વ્યાજ રૂ. ૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૩) ભાગીદારી પેઢીને તમામ ખર્ચા ઓ તથા ભાગીદારો ની મુડી નું ૧૨ ટકા સુધીનું વ્યાજ બાદ કર્યા પછી જે બુક પ્રોફીટ બાકી વધે તેમાંથી વર્કિંગ પાર્ટનરો નો પગાર નીચે મુજબ બાદ મળે છે.

(૧) રૂ. ૧,૫૦,૦૦૦/- સુધીના નફા ઉપર ૧૦૦%

(૨) રૂ. ૧,૫૦,૦૦૧/- થી ૩,૦૦,૦૦૦/- સુધી ૯૦%

(૩) રૂ. ૩,૦૦,૦૦૦/- ઉપર ગમે તેટલી આવક ઉપર ૬૦%

(૪) જે વેપારીઓના હિસાબો ઓડીટ થતા હોય તેમણે એડવાન્સ ટેક્ષનો હપ્તો ઇ-પેમેન્ટથી ભરવો પડે.

(૫) જે વેપારીઓએ અત્યાર સુધી એડવાન્સ ટેક્ષનો હપ્તો ભરેલો ના હોય પણ આવકના અંદાજ પ્રમાણે જો રૂ.૧૦૦૦૦ થી વધુ ટેક્ષ ભરવાનો થતો હોય તો તેમણે પણ એડવાન્સ ટેક્ષનો હપ્તો તા. ૧૫/૩/૨૦૧૯ સુધી ભરી દેવો પડે.

(૬) લોંગ ટર્મ કેપીટલ ગેઇન ચાલુ વર્ષમાં થયો હોય તેમણે પણ ઉપરની જોગવાઇ પ્રમાણે ટેક્ષ ભરવાનો થતો હોય તો તા. ૧૫/૩/૨૦૧૯ સુધીમાં ભરી દેવો જોઇએ.

(૭) એડવાન્સ ટેક્ષ ભરવાનો થતો હોય અને ભર્યો ના હોય તો ૧૨% પ્રમાણે વ્યાજ લાગે.

(૮) કલમ 44AD હેઠળ એટલે કે વકરાના ૬% કે ૮% ઉચ્ચક દરે આવક અંદાજી જે વેપારીઓ રીટર્ન ભરે છે તેમણે પણ ભરવાપાત્ર ટેક્ષ રૂ.૧૦૦૦૦/- થી વધતો હોય તો તા. ૧૫/૩/૨૦૧૯ સુધી ભરવો પડે.

(૯) એટલે ચાલુ નાણાકીય વર્ષની અંદાજીત આવકની વિગત તથા તા. ૩૧/૩/૨૦૧૯ સુધી TDS ની રકમ જે મજરે લેવાની હોય તે તથા અત્યાર સુધી ભરેલા એડવાન્સ ટેક્ષની વિગત વહેલાસર મોકલશો જેથી એડવાન્સ ટેક્ષના ચલણ મોકલી શકાય અને તા. ૧૫/૩/૨૦૧૯ સુધીમાં એડવાન્સ ટેક્ષ ભરી દેવાય.

**(૩) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ એટલે કે એસેસમેન્ટ વર્ષ ૨૦૧૯-૨૦ માટે ઇન્કમટેક્ષ ના દર નીચે પ્રમાણે છે. :-**

(૧) વ્યકિત (સ્ત્રી કે પુરુષ), HUF કે AOP (લોઅર રેટ)ના કેસમાં

| આવકની વિગત | ટેક્ષનો દર |
|---|---|
| (૧) પ્રથમ રૂ.૨,૫૦,૦૦૦/- સુધીની આવક | માફ છે. |
| (૨) રૂ.૨,૫૦,૦૦૧/- થી રૂ.૫,૦૦,૦૦૦/- સુધી | ૫% |
| (૩) રૂ.૫,૦૦,૦૦૧/- થી રૂ.૧૦,૦૦,૦૦૦/- સુધી | ૨૦% |
| (૪) રૂ.૧૦,૦૦,૦૦૧/- થી ઉપરની કરપાત્ર આવક ઉપર | ૩૦% |

**નોંધ :-**

(૧) સ્ત્રી કે પુરુષ વ્યકિતના કેસમાં ઉંમર ૬૦ વર્ષથી ૮૦ વર્ષ સુધીની હોય તો શરૂઆતની માફી રકમ રૂ.૨,૫૦,૦૦૦/- ને બદલે રૂ.૩,૦૦,૦૦૦/- છે.

(૨) સ્ત્રી કે પુરુષના કેસમાં ઉંમર ૮૦ વર્ષથી વધુ હોય તો શરૂઆતની માફી રકમ રૂ.૨,૫૦,૦૦૦/- ને બદલે રૂ.૫૦૦૦૦૦/- છે.

(૩) ઉપર પ્રમાણે ટેક્ષની ગણતરી કરતા ટેક્ષની જે રકમ થાય તેના ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે.

(૪) જો આવક રૂ.૫૦ લાખ થી વધુ હોય તો ટેક્ષની રકમના ૧૦% સરચાર્જ લાગે અને ટેક્ષ-તથા સરચાર્જની જે રકમ થાય તેના ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે. અને જો આવક રૂ.૧ કરોડ થી વધુ હોયતો ટેક્ષની રકમના ૧૫% સરચાર્જ લાગે અને ટેક્ષ તથા સરચાર્જની જે રકમ થાય તેના ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે.

(૫) જો રેસીડન્ટ Individual(અંગત)ને કુલ આવક રૂ।.૩,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો તેને ભરવાપાત્ર ટેક્ષમાંથી રૂ।. ૨૫૦૦/- નું રીબેટ મલશે.

(૬) વ્યકિત અને HUF ના કેસમાં બાદ મળવા પાત્ર ડીડકશનના કારણે ધંધાના નફાની રકમ ઓછી થતી હોય અને બુક પ્રોફીટ રૂ.૨૦ લાખથી વધુ હોયતો ઓલ્ટરનેટ મીનીમમ ટેક્ષ (AMT) ભરવો પડે.

(૭) ૧૨% થી ઓછું વ્યાજ અને મળવાપાત્ર પગારની જોગવાઇ કરતાં ઓછા પગારની જોગવાઇ ભાગીદારી દસ્તાવેજમાં હોયતો તે પ્રમાણે બાદ મળે.

**(૨) ભાગીદારી પેઢી તથા LLP માટે :-**

(૧) બધી આવક ઉપર ટેક્ષ લાગે એટલે કે કોઇ આવક માફ નથી.

(૨) ટેક્ષનો એક જ દર છે તે ૩૦% છે અને તેના ઉપર ૪% લેખે એજ્યુકેશન સેસ લાગે.

(૩) બાદ મળવાપાત્ર ડીડકશનના કારણે નફાની રકમ ઓછી થતી હોયતો બુક પ્રોફીટ ઉપર ઓલટરનેટ મીનીમમ ટેક્ષ (AMT) ૧૮.૫% અને ૪% એજ્યુકેશન સેસ ભરવી પડે.

(૪) જો આવક રૂ.૧ કરોડ થી વધુ હોય તો ટેક્ષની રકમના ૧૨% સરચાર્જ લાગે અને ટેક્ષ તથા સરચાર્જની રકમ ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે.

(૫) ભાગીદારોની મૂડીનું મળવાપાત્ર ૧૨% સુધીનું વ્યાજ અને ભાગીદારોના પગાર બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજમાં તે માટેની લેખીત જોગવાઇ હોવી જરૂરી છે. જો આવી લેખીત જોગવાઇ ભાગીદારી દસ્તાવેજમાં ના હોય તો ભાગીદારોનું વ્યાજ કે પગાર બાદ મળે નહીં.

**(૩) પ્રાઇવેટ કે પબ્લીક લીમીટેડ કંપની માટે :-**

(૧) કોઇ આવક માફ નથી.

(૨) તમામ કરપાત્ર આવક ઉપર ૩૦% લેખે ટેક્ષ લાગે છે જેના ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે છે.

(૩) રૂ.૧ કરોડ થી રૂ.૧૦ કરોડ સુધીની આવક હોય તો ટેક્ષની રકમ ઉપર ૭% સરચાર્જ લાગે જેના ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે અને જો આવક રૂ.૧૦ કરોડ થી વધુ હોય તો ટેક્ષની રકમ ઉપર ૧૨% સરચાર્જ લાગે અને ૪% એજ્યુકેશન સેસ લાગે છે.

(૪) ડોમેસ્ટીક કંપનીના કેસમાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન રૂ.૨૫૦ કરોડ થી ઓછુ ટર્નઓવર હોય તો ઇન્કમટેક્ષનો દર ૩૦% ના બદલે ૨૫% લાગે અને ટેક્ષની રકમ ઉપર સરચાર્જ તથા એજ્યુકેશન સેસ ઉપર પ્રમાણે લાગે.

(૫) બુક પ્રોફીટ કરતા રીટર્ન પ્રમાણે આવક ઓછી થાય તો MAT ૧૮.૫%+૪% એજ્યુ. સેસ ભરવો પડે.

**(૪) કુલ આવકમાંથી બાદ મળવાપાત્ર કપાત :-**

**(૧) અંગત તથા HUF ના કેસમાં :-**

(૧) LIC, PPF, બે બાળકો સુધીની સ્કુલ ફી, હાઉસીંગ લોનના ભરેલા હપ્તામાં મુદ્દલ, NSC વિગેરે મળીને રૂ.૧૫૦૦૦૦/- સુધીની રકમ બાદ મળે છે. તથા NPS (નેશનલ પેન્શન સ્કીમ)માં ભરેલી રૂ.૫૦૦૦૦/- સુધીની રકમ વધારાની બાદ મળે છે.

(૨) મેડિકલ ઇન્સ્યોરન્સ પ્રિમીયમ રૂ. ૨૫,૦૦૦/- સુધી અને હેલ્થ ચેકઅપ ખર્ચ રૂ. ૫૦૦૦/- સુધી બાદ મળે છે.

(૩) ઉપરોકત જોગવાઇમાં અપવાદ કરેલો છે કે મેડીકલ ઇન્સ્યોરન્સ પ્રીમીયમ ભરનાર વ્યકિતની ઉંમર ૬૦ વર્ષથી ઉપર હોય તો મેડીકલ વીમા પ્રીમીયમ રૂ.૩૦,૦૦૦/- સુધી બાદ મળશે.

(૪) ઉપરોકત જોગવાઇમાં વધારાની જોગવાઇ છે કે પેરેન્ટસ (મા-બાપ)ની મેડીકલ વીમા પોલીસી ઉપર ભરેલ પ્રીમીયમની રકમ ઓછી હોય તો મેડીકલ ટ્રીટમેન્ટના ખર્ચ સાથે વધુમાં વધુ રૂ.૩૦૦૦૦/- બાદ મળે અને પેરેન્ટસની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તો રૂ.૨૫૦૦૦/-ને બદલે રૂ.૩૦૦૦૦/- (મેડીકલ હેલ્થ ચેક અપના ૫૦૦૦/- સાથે) બાદ મળશે.

(૫) હેન્ડીકેપ વ્યકિતને નિયમ પ્રમાણે રૂ.૭૫૦૦૦/- કે રૂ.૧૨૫૦૦૦/- ની રકમ બાદ મળે છે.આ માટે Form 10 IA માં ગવર્મેન્ટ હોસ્પીટલના યોગ્ય ડોક્ટરનું સર્ટીફીકેટ લેવું જરૂરી છે.

(૬) 80G માફી સર્ટીફીકેટ ધરાવતી સંસ્થાને આપેલા દાનની રકમના ૫૦% રકમ બાદ મળે છે. પણ કુલ આવકના ૧૦% થી વધુ રકમનું દાન મજરે મળતુ નથી. આવી દાનની રકમ રૂ.૨ હજાર થી વધુ હોય તો A/C Pay ચેક/ડી.ડી. થી આપેલ હોય તો જ બાદ મળે.

(૭)સિનીયર સિટીજનને બેંકો તથા પોસ્ટ ઓફિસનું F.D.વ્યાજ રૂ.૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૮) સિનીયર સિટીજન સિવાયની વ્યક્તિને તથા H.U.F. ને બેંકોના તથા પોસ્ટ ઓફિસના સેવિંગ ખાતાનું વ્યાજ રૂ. ૧૦,૦૦૦/- સુધી બાદ મળશે.

(૯) બેંકો તથા પોસ્ટ ઓફિસમાંથી સિનીયર સિટીજનને રૂ. ૫૦,૦૦૦/- સુધીનું વ્યાજ મળે તો TDS થાશે નહી પરંતુ જો આવું વ્યાજ રૂ. ૫૦,૦૦૦/- થી વધુ થાય તો TDS થાશે.

## (૫) TDS અને TCS ની જોગવાઇ કોને લાગુ પડે :-

(૧) કંપની (૨)ભાગીદારી પેઢી (૩) ટ્રસ્ટ (૪) ઓડીટ કરાવતી અંગત કે H.U.F માલિકી પેઢી (૫) L.L.P. દરેક ને આ જોગવાઇ લાગુ પડે છે.

## (૬) TDS અને TCS ભરવાની સમયમર્યાદા :-

(૧) જે મહીનામાં કપાત કરી હોય તે પછીના મહીનાની ૭ તારીખ સુધીમાં કરેલી કપાતની રકમ ભરી દેવી પડે.

(૨) ૧લી માર્ચથી ૩૧મી માર્ચ દરમ્યાન કપાત કરી હોય તો ૩૦ એપ્રીલ સુધી ભરી શકાય.

## (૭) T.D.S રીટર્ન :-

T.D.S. રીટર્ન ત્રીમાસીક ભરવાના હોય છે. જે-તે ત્રીમાસ પતે એટલે ૩૦ દિવસમાં તેનું રીટર્ન (સ્ટેટમેન્ટ) ભરવું પડે. કોઇની T.D.S. ન કરી હોય પણ T.D.S. ન કરવા માટેનું ફોર્મ 15G કે 15H લીધું હોય તો પણ તે કવાર્ટરનું T.D.S. રીટર્ન ભરવું પડે. લેટ રીટર્ન ભરવા માટે રોજની રૂા. ૨૦૦/- પેનલ્ટી થાય છે.

## (૮) વ્યકિત/HUF/Charity Trust એ TDS થાય નહીં તે માટે આપવાનું ફોર્મ 15G/15H :-

(૧) ૬૦ વર્ષ સુધીની વ્યકિત કે HUF ના કેસમાં કુલ વ્યાજની આવક રૂા.૨,૫૦,૦૦૦/- થી ઓછી હોય અને પોતાની ગ્રોસ આવક ટેક્ષેબલ ના હોય તો ફોર્મ 15G તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં આપે તો કપાત થાય નહીં.

(૨) ૬૦ વર્ષ થી ઉપરની વ્યકિતના કેસમાં નેટ આવક ઉપર ટેક્ષ ભરવાનો થતો ના હોય તો તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં ફોર્મ 15H આપે તો કપાત થાય નહી.

(૩) ૮૦ વર્ષ થી ઉપરની વ્યકિતના કેસમાં નેટ આવક ઉપર ટેક્ષ ભરવાનો થતો ના હોય તો તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં ફોર્મ 15H આપે તો કપાત થાય નહી.

(૪) ફોર્મ 15G/15H માં નીચેની વિગત ભરવી જરૂરી છે.

(૧) વ્યાજ મેળવનારનું નામ તથા પુરૂ સરનામું એટલે કે મકાનનું નામ, મકાનનો મ્યુનીસીપલ નંબર, રોડ રસ્તો, એરીયા, પીનકોડ, લેન્ડલાઇન ટેલીફોન નંબર, મોબાઇલ નંબર (૨) ધંધાનો પ્રકાર(૩) PAN (૪) ઇન્કમટેક્ષનું રીટર્ન કઇ સાલ માટે ભરેલ અને કયા વોર્ડમાં અને કયા ગામમાં ભરેલું ?(૫) અંદાજે કુલ આવક કેટલી થશે? (વ્યાજની તથા અન્ય વર્ષ F.Y. 18 -19 માટે) (૬) જે પેઢીમાં પૈસા આપેલા હોય તે પેઢીમાંથી વ્યાજ જમા કરેલ ખાતાની કોપી (૭) કુલ કેટલા ફોર્મ 15G/15H આપેલા છે તેની વિગત.

(૫) જો PAN ન હોય તો ફોર્મ 15G કે ફોર્મ નંબર 15H આપી શકાય નહીં પરિણામે વ્યાજ કપાત ૨૦% લેખે કરાવવી પડે.

D.P. Thakker & Co.

(૬) ફોર્મ 15G કે 15H માટેની વિગત તા.૩૧-૦૩-૨૦૧૯ પહેલા અમને મોકલવી જેથી ફોર્મ 15G/15H કોમ્પ્યુટરમાં તૈયાર કરી મોકલી શકાય. આ ફોર્મનુ Online e - ફાઈલીંગ કરવાનું છે.

(૭) આવા ફોર્મ 15G કે 15H મેળવનારે ૭ વર્ષ સુધી સાચવવા ફરજીયાત છે અને ઈન્કમટેક્ષ ઓફીસ જ્યારે આવું કોઇ ફોર્મ મંગાવે ત્યારે ફોર્મ મેળવનારે રજુ કરવું ફરજીયાત છે.

## (૯) જુદા જુદા પ્રકારની ઈન્કમટેક્ષ કપાતો (T.D.S.) નો કોઠો :-

| કલમ | ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા | T.D.S. નો દર |
|---|---|---|
| 192 | ટેક્ષેબલ પગારની ચુકવણી ઉપર | વ્યકિતને લાગુ પડતા દરથી |
| 194A | (૧) બેંક/કો.ઓ.બેંક તથા પોસ્ટ ઓફિસ સિવાય ગમે તે દ્વારા વ્યાજની વાર્ષિક રૂ.૫૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર | ૧૦% |
| | (૨) બેંક/કો.ઓ.બેંક તથા પોસ્ટ ઓફિસ ડીપોઝીટના વ્યાજની વાર્ષિક રૂ.૧૦૦૦૦/- થી વધુ ચુકવણી કરે તેના ઉપર (સેવીંગ ખાતાના વ્યાજ ઉપર TDS નથી) | ૧૦% |
| | (૩) સિનીયર સિટીજનને બેંક/કો.ઓ.બેંક/પોસ્ટ ઓફિસના વ્યાજની વાર્ષિક રૂ. ૫૦,૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર | ૧૦% |
| 194C | (૧) વ્યકિત કે HUF હોય તેવાં કોન્ટ્રાકટર કે સબ કોન્ટ્રાકટર કે એડવર્ટાઈઝીંગ એજન્ટ કે ટ્રાન્સપોર્ટર ને પેમેન્ટ આપવામાં આવે ત્યારે... | ૧% |
| | (૨) ભાગીદારી પેઢી કે કંપની હોય તેવા કોન્ટ્રાકટરને પેમેન્ટ આપવામાં આવે ત્યારે... | ૨% |
| | (૩) ૧૦ કે તેથી ઓછી ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટરના કેસમાં જો PAN અને ડેકલેરેશન પુરૂં પાડવામાં આવે તો... | શૂન્ય |
| | (૪) ૧૦ કે તેથી ઓછી ટ્રક ધરાવતા ટ્રાન્સપોર્ટરના કેસમાં PAN પુરો પાડવામાં ન આવે તો... | ૨૦% |
| | (૬) ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર (જેની પોતાની ટ્રક ના હોય) ના કેસમાં PAN પુરો પાડવામાં આવેતો (અંગત HUF માં ૧%) તે સિવાય........................................................................ | ૨% |
| | (૭) ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર (જેની પોતાની ટ્રક ના હોય) ના કેસમાં PAN પુરો પાડવામાં ન આવે તો... | ૨૦% |
| | (૮) ઉપર મુજબનું પેમેન્ટ એક સાથે રૂા. ૩૦,૦૦૦/- થી ઓછું કરવામા આવે અને આખા વર્ષ દરમિયાન પેમેન્ટ રૂા. ૧,૦૦,૦૦૦/- થી ઓછું હોય તો.... | શૂન્ય |
| 194H | કમીશન/દલાલી વાર્ષિક રૂા. ૧૫,૦૦૦/- થી વધુ ચુકવણી કરવામાં આવે તો | ૫% |
| 194I | (૧) જમીન કે મકાન નું વાર્ષિક ભાડુ રૂા. ૧,૮૦,૦૦૦/- થી વધુની ચુકવણી ઉપર | ૧૦% |
| | (૨) મશીનરી પ્લાન્ટ ઇકવીપમેન્ટનું વાર્ષિક ભાડુ રૂા. ૧,૮૦,૦૦૦/- થી વધુની ચુકવણી ઉપર | ૨% |
| 194IA | ખેતીની જમીન સિવાય અન્ય સ્થાવર મિલ્કત રૂા. ૫૦ લાખથી વધુની ખરીદ કરનારે વેચાણ કરનારને ચુકવવાની રકમ ઉપર TDS કરવી પડે જે રકમ વેચાણ કિંમતમાંથી કાપીને ભરવાની છે. | ૧% |
| 194J | પ્રોફેશનલ તથા ટેકનીકલ સર્વિસીસ ફી રૂા. ૩૦,૦૦૦/- થી વધુ રકમની ચુકવણી ઉપર | ૧૦% |
| 194LA | સ્થાવર મિલ્કતના ફરજીયાત સંપાદનના કેસમાં વળતરની રૂા. ૨,૫૦,૦૦૦/- થી વધુ રકમની ચુકવણી ઉપર | ૧૦% |
| 195 | નોન રેસીડેન્ટને આપવામાં આવતું વ્યાજ, ભાડુ, નફાનો ભાગ વિગેરે ચુકવણી માટે | જુઓ પેરા(૧૦) |
| 194IB | ઓડીટ પાત્ર ન હોય તેવી વ્યકિત કે HUF કોઇ રેસીડેન્ટને સ્થાવર મિલકતનું માસીક ભાડું રૂ.૫૦,૦૦૦/- થી વધુ રકમનું ચુકવે તો | ૫% |
| નોંધ :- | ઉપર પ્રમાણે જેની કપાત કરવાની હોય તે વ્યકિત કપાત કરનારને PAN NO. પુરો ન પાડે તો અથવા PAN NO. ના હોય તો | ૨૦% |

**(૧૦) કલમ - 195 હેઠળ નોન રેસીડન્ટને કોઈપણ પ્રકારની આવક ની ચુકવણી ઉપર કરવાની T.D.S. :-**

(૧) કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની, LLP કે HUF નોન રેસીડેન્ટ વ્યક્તિ/HUF/ પેઢી / કંપનીને વ્યાજ, નફો, ભાડુ વિગેરે ચૂકવે કે ખાતામાં જમા કરે તો આ TDS કરવી પડે.

(૨) નોન રેસીડન્ટને નાની કે મોટી ગમે તે રકમની આવક ચુકવવામાં આવે કે તેના ખાતે જમા કરવામાં આવે તો આ TDS લાગુ પડે દા.ત. વ્યાજ રૂા. ૫૦૦/- ચુકવવામાં આવે તો પણ TDS કરવી પડે એટલે કે આ TDS માટે કોઇ માફી રકમ નથી. નોન રેસીડન્ટને ભાગીદાર તરીકે નફો આપવામાં આવે તો પણ TDS કરવી પડે.

(૩) નોન રેસીડન્ટના કેસમાં જે TDS થઇ હોય તેનું રીફંડ લેવા માટે નોન રેસીડન્ટ ને આવક ટેક્ષેબલ હોય તો ભરવાપાત્ર ટેક્ષ સામે આવી TDS રકમ બાદ મળે અને બાકીની વધારાની રકમનું રીફંડ મળે. જો આવક Taxable ન હોય તો બધી રકમનું રીફંડ મલે. રીટર્ન ભરવા માટે PAN હોવો જોઇએ.

(૪) નોન રેસીડન્ટને ચૂકવવાની આવકમાંથી કરવાની TDS ના દર નીચે પ્રમાણે છે.

(૧) U.S.A./U.K./Canada/Australia માં રહેતા હોય તેવા નોન રેસીડન્ટ જો તે દેશનું Tax Residency Certificate (TRC) આપે તો ૧૫.૬૦% લેખે નહીતર ૩૧.૨૦% લેખે

(૨) ઉપરના દેશો સિવાય અન્ય દેશોમાં રહેતા હોય તેવા Non-Resident માટે ૩૧.૨૦% લેખે

(૩) નોન રેસીડન્ટ TDS માફી માટેનું ફોર્મ 15G/15H આપી શકતા નથી એટલે ગમે તેટલી રકમ હોય તો પણ ઉપર મુજબ TDS કરવી પડે.

(૫) જે વ્યક્તિ વર્ષ દરમ્યાન મીનીમમ ૧૮૨ દિવસ ઇન્ડીયા માં રહેલ ન હોય તે નોન રેસીડન્ટ ગણાય

**(૧૧) ટેક્ષ કલેકશન એટ સોર્સ (T.C.S.) :-**

(૧) જે વેપારી નીચેની વસ્તુઓનું વેચાણ કરતા હોય તેમને આ જોગવાઇ લાગુ પડે છે.

(૧) દારૂ (૨) બીડી પત્તા (૩) જંગલમાંથી મેળવેલ લાકડુ (૪) જંગલની અન્ય પેદાશો (૫) ભંગાર એટલે કે કોઇપણ જાતનો ભંગાર (૬) મીકેનીક કામકાજમાંથી નીકળતો વેસ્ટેજ ભંગાર તથા કોન્ટ્રાકટરના ધંધામાંથી નીકળતો ભંગાર તથા સોના-ચાંદી કે અન્ય મેટલનો ભંગાર (જયારે આ ભંગાર મુળ સ્વરૂપે વાપરી શકાય તેવો હોય નહી) (૭) બીલ્ડર -બીલ્ડીંગ કન્સ્ટ્રકશન કરતા હોય તેમના ધંધામાં નીકળતો ભંગાર જેવો કે લોખંડ, સીમેન્ટની થેલી, સેન્ટ્રીંગ સામાન વગેરે

(૨) ઉપરોકત વસ્તુનું જયારે વેચાણ કરવામાં આવે ત્યારે PAN ધરાવનાર ખરીદનાર પાસેથી લાગુ પડતા દરે (જેનો દર ૧% થી ૫% છે.) TCS વસૂલ કરી ભરવો પડે. TCS ના દર જે તે આઇટમ માટે અમને પૂછી લેવા પણ જો ખરીદનાર પાસે PAN ના હોય તો TCS ના સંબંધીત દરના બમણા દરે અથવા ૫% ના દરે જે વધુ હોય તે દરે TCS વસૂલ કરી ભરવી પડે.

(૩) TDS ની જોગવાઇ માફક જ આ રીતે ઉઘરાવેલો TCS સમયસર ભરવો પડે અને તેના ત્રીમાસીક સ્ટેટમેન્ટ ભરવા પડે. નહીંતર દંડ થાય.

(૪) ઉપરોકત વસ્તુઓનું વેચાણ કરનાર ખરીદનાર પાસેથી જો TCS ઉઘરાવે નહીં તો ઘરનો TCS ભરવો પડે.

**(૧૨) ઇન્કમટેક્ષ રીટર્ન અંગેની જોગવાઇ :-**

(૧) મજરે મળતી વિમો, PPF વિગેરે કપાત બાદ કર્યા સિવાય કરમુક્ત કેપીટલ ગેઇન સાથેની આવક જો એકઝેમ્પસન લીમીટ (એટલે કે રૂ.૨,૫૦,૦૦૦/-કે રૂ.૩,૦૦,૦૦૦ જે લાગુ પડતુ હોય)થી વધતી હોય તો ઇન્કમટેક્ષનું રીટર્ન સમય મર્યાદામા ભરવું જરૂરી છે.

(૨) જો ધંધામાં નુકશાન હોય અને આવું નુકશાન આગળના વર્ષોમાં બાદ લેવું હોય તો રીટર્ન સમયમર્યાદામાં ભરવું જરૂરી છે.

(૩) રીટર્ન ભરવાની સમયમર્યાદા (F.Y.૨૦૧૮-૧૯ માટે):-

(૧) ઉપર (૧) માં લખ્યા પ્રમાણે ની આવક માટે રીટર્ન ભરવાનું હોય કે ફરજીયાત ઓડીટ વગરના ધંધાનું રીટર્ન ભરવાનું હોય તો તા. ૩૧/૭/૨૦૧૯ સુધીમાં

(૨) કલમ 44AB હેઠળ (૧ કરોડથી વધુ વકરો કે પ્રોફેશનલના કેસમાં રૂ.૫૦ લાખથી વધુ રીસીપ્ટ હોય) ફરજીયાત ઓડીટ કરાવવાનું હોય તો ૩૦/૯/૨૦૧૯ સુધીમાં

(૩) કલમ 44AD કે 44ADA હેઠળ ઓડીટ કરાવવાનું હોય તો ૩૦/૯/૨૦૧૯ સુધીમાં

(૪) ધર્માદા ટ્રસ્ટ કે પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ ના કેસમાં જો કોઈપણ ખર્ચ બાદ કર્યા સિવાય દાન કે વ્યાજ કે અન્ય આવક મલીને રૂ.૨,૫૦,૦૦૦/- થી વધુ હોય તો ઈન્કમટેક્ષ રીટર્ન ૩૧/૭/૨૦૧૯ સુધીમાં ફરજીયાત ફાઈલ કરવું જરૂરી છે. કારણ જો આ તારીખ સુધીમાં રીટર્ન ભરવામાં નહી આવે તો ટ્રસ્ટના હેતુ માટે કરેલા કોઈ ખર્ચા બાદ મળશે નહીં. અને મોટો ટેક્ષ ભરવાનો આવશે.

(૧૩) સમયસર રીટર્ન ન ભરવા માટે પેનલ્ટી :-

(૧) જો રીટર્ન તેની ડયુ તારીખ સુધીમાં ભરવામાં ન આવે પણ ૩૧/૧૨/૨૦૧૯ સુધી ભરવામાં આવે તો દંડ-લેટ ફી રૂ.૫૦૦૦/- લાગે

(૨) જો રીટર્ન તેની ડયુ તારીખ સુધીમાં ભરવામાં ન આવે પરંતુ તા.૩૧/૧૨/૨૦૧૯ પછી ભરવામાં આવે તો દંડ-લેટ ફી રૂ.૧૦૦૦૦/- લાગે.

(૩) રીટર્ન તેની ડયુ તારીખ પછી ભરવામાં આવે અને જો કુલ આવક રૂ.૫,૦૦,૦૦૦/- થી વધુ ના હોય તો દંડ લેટ ફી રૂ.૧૦૦૦/- લાગે.

(૪) એટલે દરેક વેપારીઓએ સને ૨૦૧૮-૧૯નું ઈન્કમટેક્ષ રીટર્ન ભરવાના ઉતારા તથા અન્ય વિગતો ૩૧ માર્ચ પછી જેમ બને તેમ જલ્દી અમને મોકલી દેવા જેથી રીટર્ન સમયસર ભરી શકાય અને પેનેલ્ટી ભરવી ન પડે.

(૧૪) PAN (પરમેનન્ટ એકાઉન્ટ નંબર) તથા આધાર કાર્ડ ની અગત્યતા :-

(૧) વેપાર, ધંધો કે નોકરી કરતા હોય કે બેંક ખાતું ખોલાવવું હોય કે સ્થાવર મિલ્કત ખરીદવી હોય કે વેચવી હોય કે ઈન્કમટેક્ષ ભરવો હોય કે ફોટો આઈડેન્ટી પ્રુફ આપવું હોય તો PAN અને આધાર કાર્ડ નંબર વગર ચાલે તેમ નથી એટલે કે PAN અને આધાર નંબર હોવો જરૂરી અને ફરજિયાત છે.

(૨) PAN ખોટો લખવામાં આવે તો રૂા.૧૦,૦૦૦/- નો દંડ થાય તેવી જોગવાઇ છે. માટે PAN સાચો લખવાની કાળજી લેવી. તે માટે PAN નો સિક્કો બનાવી જરૂર હોય ત્યાં લગાવવો સલાહ ભર્યું છે.

(૩) જેમને પોતાને મળતી આવક માંથી TDS થવાની હોય તેમણે આવી રકમનું પેમેન્ટ કરનાર ને PAN ની ઝેરોક્ષ કોપી આપવી જરૂરી છે. જેથી ભુલ પડે નહી. અને TDS ની ક્રેડીટ મલે.

(૪) પેમેન્ટ આપનાર તથા પેમેન્ટ લેનાર બંને એ એક બીજાને મોકલવામાં આવતાં બીલ કે ઈન્વોઈસ કે ખાતાના ઉતારા કે પત્ર વ્યવહાર કે દસ્તાવેજો વિગેરેમાં પોતાનો PAN લખવો જરૂરી છે.

(૫) ટ્રાન્સપોર્ટ નો ધંધો કરનારે ટ્રાન્સપોર્ટ રસીદમાં PAN છપાવવો હીતાવહ છે.

(૬) સમગ્ર રીતે જોઇએ તો PAN અને આધાર નંબર આઇડેન્ટીટી નું કામ કરે છે તે સ્વીકારવું રહ્યું.

(૭) PAN મેળવનારની જવાબદારી

(૧) જેમણે સામેની વ્યકિત પાસેથી PAN મેળવેલ હોય તે સાચો છે તે પુરવાર કરવાની જવાબદારી PAN મેળવનાર ઉપર નાંખેલ છે. એટલે PAN ની ઝેરોક્ષ સહી કરાવીને લેવી.

D.P. Thakker & Co.

## (૧૫) ઈન્કમટેક્ષ કાયદાની કેટલીક અગત્યની જોગવાઈ :-

(૧) - ધંધા અંગેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા રૂ.૧૦૦૦૦/- કરવામાં આવી છે.

(૨) જે મિલ્કતનો ઘસારો લેવાનો હોય તેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા ૧૦૦૦૦/- કરવામાં આવી છે તેથી વધુ રકમની ખરીદી હોય તો એકાઉન્ટ પેયી ચેકથી કરવી જોઈએ નહીંતર ઘસારો બાદ મળે નહીં.

(૩) બિલ્ડર અને રીયલ એસ્ટેટનો ધંધો કરનારના કેસમાં પુરી થયેલી સ્કીમ નું BU F.Y.૨૦૧૬-૧૭ માં મળેલુ હોય તો વેચાયા વગરના કે ભાડે આપ્યા વગરના ફ્લેટ, બંગલો, દુકાનો, ઓફીસો વગેરે કલોઝીંગ સ્ટોકમાં ગણેલા હોય તે જો ભાડે આપેલા હોત અને જે ભાડુ મળવાપાત્ર થાય, તે ભાડાની રકમ અંદાજી તે રકમ ચાલુ વર્ષ સને ૨૦૧૮-૧૯ ની ઈન્કમ તરીકે રીટર્નમાં બતાવી ટેક્ષ ભરવો પડશે.

(૪) રૂ.૨,૦૦,૦૦૦/- ઉપરના રોકડ વ્યવહાર માટેની જોગવાઈ :-(દરેક કરદાતાને લાગુ પડે છે.)

(૧) કોઈપણ એક દિવસમા કોઈ વ્યકિત/HUF/AOP/FIRM/Company/LLP રૂ.૨ લાખ કે તેથી વધુ રકમ કોઈપણ વ્યકિત પાસેથી એક સાથે કે ટુકડે-ટુકડે લઈ શકશે નહીં.

(૨) એક જ વ્યવહાર માટે રૂ.૨ લાખ કે વધુ ની રોકડ રકમ લઈ શકાશે નહીં.

(૩) કોઈ ભાગીદારે પેઢીમાં રૂ.૨ લાખ કરતા વધારે રોકડ ઉપાડવાનો કે જમા કરાવવાનો વ્યવહાર કરાય નહી.

(૪) કોઈ એક ઈવેન્ટ કે પ્રસંગ માટે કોઈ પણ પાસેથી રૂ.૨ લાખ કે વધુની રોકડ રકમ લઈ કે આપી શકાશે નહીં તેમ છતા ઉપરની જોગવાઈનો ભંગ કરીને રૂ.૨ લાખ કે તેથી વધુની રોકડનો વ્યવહાર કરવામાં આવે તો જેટલી રકમ લીધી હોય તેટલો દંડ આવી રકમ લેનાર ઉપર લાગશે.

(૫) લોંગ ટર્મ કેપીટલ ગેઈન ગણવા માટે શેરો સિવાયની મિલ્કતની સમયમર્યાદા ૩૬ મહીના હતી તે ઘટાડીને ૨૪ મહીના કરેલ છે.

(૬) તા. ૧/૪/૨૦૦૧ પહેલાની ખરીદેલી મિલ્કત માટે આવી મિલ્કતની તા. ૧/૪/૨૦૦૧ ની બજાર કિંમત ગણવાની રહેશે. જે માટે વેલ્યુએશન રીપોર્ટ કરાવવો હિતાવહ છે.

(૭) મકાન-મિલ્કતની આવક હેઠળ રૂ.૨ લાખથી વધુ રકમનું નુકશાન અન્ય આવક સામે બાદ મળશે નહીં.

(૮) જમીન અને મકાન ના વેચાણથી થતા લોંગ ટર્મ કપીટલ ગેઈનનું વેચાણ તારીખ થી છ માસમાં કેપીટલ ગેઈન સ્કીમના બોન્ડમાં પાંચ વર્ષ સુધી રોકાણ કરવામાં આવે તો કોઈ કેપીટલ ગેઈન ટેક્ષ ભરવો ના પડે.

(૯) રૂા. ૨૦,૦૦૦/- ઉપરની લોન-ડીપોઝીટ અંગેની અગત્યની જોગવાઈ :-

(૧) ચોપડામાં કોઈની રૂા. ૨૦,૦૦૦/- ઉપરની લોન કે ડિપોઝીટ જમા કરવી હોય તો તે એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફટથી કે ECS થી જ જમા લઈ શકાય તેવી જ રીતે રૂા. ૨૦,૦૦૦/- ઉપરની લોન કે ડિપોઝીટ નું પેમેન્ટ કરવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફટ થી કે ECS થી ડીપોઝીટરને કરવું પડે. જો આવી લોન કે ડિપોઝીટ રોકડેથી લેવામાં આવે કે ચુકવવામાં આવે તો તેટલી રકમનો દંડ થાય.

(૨) કોઈના ખાતામાં એકવાર રૂા. ૨૦,૦૦૦/- જમા થયેલા હોય તો પછી તે ખાતામાં એક રૂપીયો જમા કરવો હોય કે ચુકવવો હોય તો પણ એકાઉન્ટ પેયી ચેકથી વ્યવહાર કરવો પડે.

(૧૦) કોઈપણ મિલ્કત ખરીદીનું પેમેન્ટ રૂા. ૨૦,૦૦૦/- ઉપર આપવાનું હોય કે મિલ્કત વેચાણનું પેમેન્ટ રૂા. ૨૦,૦૦૦/- ઉપર લેવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેક થી કરવું ફરજીયાત છે. નહીંતર જો રોકડેથી પેમેન્ટ કરવામાં આવે તો વેચનાર તથા ખરીદનાર બંને ને રોકડેથી કરેલ વ્યવહાર જેટલી પેનલ્ટી ભરવી પડે.

D. P. Thakker & Co.

## (૧૬) શેરોના મૂડી નફા માટે (કેપીટલ ગેઇન) માટેની વિશિષ્ટ જોગવાઇ :-

(૧) જે શેરોના ખરીદ વેચાણ ઉપર STT ભરેલો હોય અને ખરીદ તારીખ થી બાર મહિના પછી તેનું વેચાણ કરવામાં આવે તો આવા શેરના વેચાણ ઉપર જે નફો થાય તે જો રૂ. ૧,૦૦,૦૦૦/- થી વધુ હોય તો તેના ઉપર ૧૦% પ્રમાણે કેપીટલ ગેઇન ટેક્ષ લાગશે.

(૨) આવા શેર જો ૩૧/૧/૨૦૧૮ પહેલા ખરીદ કરેલ હોય તો તેની ૩૧/૧/૨૦૧૮ ની સ્ટોક એકચેન્જની લીસ્ટેડ કિંમત કોસ્ટ તરીકે બાદ મળશે.

(૩) આવા શેરની ખરીદ કિંમતની ઇન્ડેક્ષકોસ્ટ બાદ મળશે નહિં.

(૪) અગાઉ લીમીટેડ કંપનીના શેરોનો (જો STT ભરેલો હોય તો) નફો પુરેપુરો બાદ મળતો હતો. તે હવે રૂ.૧,૦૦,૦૦૦/- સુધી જ બાદ મળશે.

## (૧૭) કલમ 44AD હેઠળ ૬% કે ૮% લેખે અંદાજીત આવક :-

જે વેપારીઓએ વેચાણ એકાઉન્ટ પેયી ચેક કે એકાઉન્ટ પેયી ડ્રાફટ કે ECS થી કરેલું હોય અને નેટ નફો ૬% થી ઓછો હોય પરંતુ ટર્ન ઓવર ના ૬% પ્રમાણેની આવક ગણી રીટર્ન ભરવું હોય કે જે વેપારીઓનું ચોપડા મુજબનું વેચાણ રોકડે થી/ક્રોસ ચેકથી કરેલું હોય અને નેટ નફો ૮% થી ઓછો હોય પરંતુ ટર્ન ઓવરના ૮% પ્રમાણેની આવક ગણી રીટર્ન ભરવું હોય તેમના માટે નીચે પ્રમાણે જોગવાઇ છે.

(૧) ગઇ સાલ જે વેપારીઓએ આ યોજનાનો લાભ લઇ ઇન્કમટેક્ષ રીટર્ન અંદાજીત આવક ગણી ભરેલ હોય તેમના કેસમાં આ જોગવાઇ ૫ વર્ષ સુધી ચાલુ રાખી તે પ્રમાણે આવક અંદાજી રીટર્ન અને ટેક્ષ ભરવો પડે.

(૨) જો આ પ્રમાણે આ યોજના હેઠળ ૫ વર્ષ સુધી રીટર્ન ન ભરવું હોય તો ચોપડા ઓડીટ કરાવી ઓડીટ રીપોર્ટ સાથે રીટર્ન ફાઇલ કરી તે પ્રમાણે ટેક્ષ ભરી શકાય.

(૩) ભાગીદારી પેઢીના કેસમાં ભાગીદારોને આપવામાં આવતું વ્યાજ અને પગારની રકમ આ રીતે ૬% કે ૮% ની અંદાજીત આવક જે નક્કી થાય તેમાંથી બાદ મળશે નહિં. એટલે કે ભાગીદારી પેઢીના કેસમાં આ યોજના નુકશાનકારક છે. એટલે આવી ભાગીદારી પેઢીઓએ ફરજીયાત ઓડીટ કરાવીને ચોપડાની આવક પ્રમાણે રીટર્ન ભરવું સલાહ ભર્યું છે.

(૪) જે ભાગીદારી પેઢીએ ભાગીદારોને આપેલ વ્યાજ અને પગાર બાદ લેવો ન હોય તે ભાગીદારી પેઢીએ આ યોજના હેઠળ ૬% કે ૮% પ્રમાણે લાગુ પડતા દરે આવક અંદાજી રીટર્ન ભરી શકાય અને તેમને ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(૫) પરંતુ જે માલીકી કે ભાગીદારી પેઢીઓ ના કેસમાં ટર્ન ઓવર રૂા. ૧ કરોડથી વધુ હોય તો ફરજીયાત ઓડીટની જોગવાઇ લાગુ પડે છે.

(૬) જે વેપારી આ અંદાજીત આવક યોજનાનો લાભ જે વર્ષ માટે લ્યે તે પછીના પાંચ વર્ષ સુધી આ યોજના હેઠળ અંદાજીત આવક દર્શાવી રીટર્ન ભરવા પડે નહીંતર ઓડીટ કરાવવું પડે અને જો ઓડીટ કરાવીને રીટર્ન ભરે તો પાંચ વર્ષ સુધી આ અંદાજીત આવક યોજનાનો લાભ લઇ શકે નહીં એટલે કે કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીને આવક બતાવવી પડે.

(૭) કલમ 44AD હેઠળ રૂા. ૨ કરોડ સુધીનું ટર્ન ઓવર હોય અને ૬% કે ૮% પ્રમાણે અંદાજીત આવક ઉપર ટેક્ષ ભરવામાં આવે તો ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(૮) કલમ 44AD માટે ગ્રોસ વકરો કે રીસીપ્ટ ની મર્યાદા રૂા. ૨ કરોડ છે પરંતુ જે વેપારીઓ કલમ 44AD હેઠળ રીટર્ન ભરતા ના હોય તેમને રૂા.૨ કરોડના ટર્ન ઓવરની લીમીટ લાગુ પડે નહીં અને તેમના કેસમાં વેપાર ધંધાના ટર્નઓવરની લીમીટ રૂા. ૧ કરોડની લાગુ પડે.

(૯) જે વેપારીઓને ધંધામાં નુકશાન હોય અને આવું નુકશાન આગળ ખેંચવું હોય તેમણે ઓડીટ કરાવી સમય મર્યાદામાં રીટર્ન ભરવું જોઇએ. તો જ નુકશાન પછીના વર્ષમાં આગળ ખેંચી શકાય.

## (૧૮) કલમ 44ADA હેઠળ ૫૦% લેખે અંદાજીત આવક (પ્રોફેશનલ વ્યકિત માટે) :-

(૧) ડોક્ટરો કે વકીલો કે આર્કીટેકટ કે એન્જીનીયરો કે ટેકનીશીયનો વિગેરેની વાર્ષિક/પ્રોફેશનલ ગ્રોસ રીસીપ્ટસ રૂા. ૫૦ લાખથી વધારે ના હોય તો તેઓ કલમ 44ADA હેઠળ અંદાજીત આવક યોજના હેઠળ ગ્રોસ રીસીપ્ટસના ૫૦% પ્રમાણે આવક અંદાજી આ યોજનાનો લાભ લઇ શકશે. પરંતુ આ રીતે ૫૦% પ્રમાણે અંદાજીત જે આવક નક્કી થાય તેમાંથી કોઇ રકમના ખર્ચા કે કોઇ ઘસારાની રકમ બાદ મળશે નહી.અને જો આ રીતે ૫૦% રીસીપ્ટનો ટેક્ષ ન ભરવો હોય તો હિસાબો ઓડીટ કરાવી ઓડીટ રીપોર્ટ સાથે રીટર્ન ભરવું પડે.

## (૧૯) વર્ષ આખરે કલોઝીંગ સ્ટોક - માલ બેલેન્સ વેલ્યુએશન માટેની જોગવાઇ :

તા.૩૧-૦૩-૨૦૧૯ ના કલોઝીંગ સ્ટોક એટલે કે માલ બેલેન્સ ના વેલ્યુએશન માટે ની ફરજીયાત જોગવાઇ :

(૧) ઇન્કમટેક્ષ કાયદામાં ઇન્કમટેક્ષ કોમ્પયુટેશન એન્ડ ડીસ્કલોઝર સ્ટાન્ડર્ડ (ICDS) જાહેર કરેલ છે તે પ્રમાણે વર્ષ આખરે માલ સ્ટોક નુ વેલ્યુએશન કેવી રીતે કરવું જોઇએ તેની જાહેરાત કરી છે. તે મુજબ નીચે પ્રમાણે સ્ટોકનુ વેલ્યુએશન કરવું જોઇએ.

(૧) માલ ની પડતર કિંમત જેમાં ટેક્ષ સાથેની ખરીદ કિંમત+ટ્રાન્સપોર્ટેશન અને મજુરીનો સમાવેશ થાય છે.

અથવા

માલની વેચાણ ની જે રકમ ઉપજી શકે તેમ હોય એટલે કે માલની અંદાજીત વેચાણ કિંમત (નેટ રીઅલાઇઝેબલ વેલ્યુ)

**આ બે માંથી જે રકમ ઓછી હોય તે રકમ માલ સ્ટોક તરીકે મુકવાની રહેશે.**

(૨) સ્ટોકની પડતર કિંમત ગણવા માટે "FIFO" મેથડ એટલે કે ''ફર્સ્ટ ઇન ફર્સ્ટ આઉટ'' પ્રમાણે જે માલ પહેલા ખરીદ કરેલો હોય તે પહેલો વેચાણ થઇ ગયો તેમ ગણાય એટલે જેટલા વજનનો સ્ટોક હોય તેટલા વજનની છેલ્લી ખરીદી સ્ટોકમાં ગણાય.

અથવા

ખરીદી વધારે હોય અને વેચાણ ઓછુ હોયતો ''વેઇટેડ એવરેજ ખરીદ કિંમત'' સ્ટોકની કોસ્ટ નક્કી કરવા માટે ગણી શકાય.

(૩) માલ સ્ટોક ઉપર વ્યાજ ભરતા હો તો વ્યાજની રકમ સ્ટોકમાં ઉમેરી શકાય નહીં.

(૪) તેવીજ રીતે ગોડાઉન ભાડું કે બીજુ ઓફીસ ખર્ચ વિગેરે પણ સ્ટોકમાં ઉમેરી શકાય નહીં.

(૫) તા.૩૧-૦૩-૨૦૧૯ ના રોજ જે માલ સ્ટોકમાં હોય તેનું વેલ્યુએશન ઉપરની પધ્ધતિથી કરવું જરૂરી છે. અને જો તેમ પુરવાર કરી શકાય નહીં તો સ્ટોકનું વેલ્યુએશન ઇન્કમટેક્ષ ખાતું ઉપરની પધ્ધતિથી કરી શકશે અને જો સ્ટોકનું વેલ્યુએશન ઓછું મુકેલું હોય તો ડીફરન્સની રકમ આવકમાં ઉમેરી શકશે અને જો સ્ટોકની વેલ્યુએશનની રકમ વધારે મુકી હોય તો તેટલી સ્ટોકની રકમ ઓછી કરી શકશે.

(૬) સ્ટોક વેલ્યુએશનમાં તફાવત માટે પેનલ્ટી થઇ શકશે.

(૭) ઘણી વખત માલ સ્ટોક વધુ સમય પડી રહે છે તેથી વ્યાજ, વખાર ભાડું અને ઓફિસ ખર્ચ વગેરે ખર્ચની રકમ કેટલાક વેપારી માલ સ્ટોકની રકમમાં ઉમેરીને નફો-નુકશાન બતાવતા હોય છે પણ આ પધ્ધતિ બંધ થઇ છે.

(૮) કોન્ટ્રાકટરોના કેસમાં વર્ષ આખરે ૩૧ મી માર્ચના રોજ ઉપરના સિધ્ધાંતો

પ્રમાણે નીચેની રીતે સ્ટોક મુકવો પડે :

(૧) માલ સામાન અને મટીરીયલ્સના સ્ટોકની ગણત્રી કરી પડતર કિંમતે કલોઝીંગ સ્ટોક બતાવવો પડે.

(૨) વર્ક ઈન પ્રોગ્રેસની ગણત્રી કરી તેની પડતર કિંમત બતાવવી પડે.

(૩) માલ સામાન કે મજુરીનું એડવાન્સ પેમેન્ટ કરેલું હોય તો તે રકમ નફા-નુકશાનમાં માંડી નહી વાળતા આગળ ખેંચવી પડે.

(૪) તેવીજ રીતે એડવાન્સ રકમ જે મળી હોય તે બીલમાં નહી ગણતાં આગળ ખેંચવી પડે અને કામ થાય તેના પ્રમાણસર બીલની આવક તરીકે જમા લેવી જોઈએ.

(૫) તેવીજ રીતે કોન્ટ્રાકટરના બીલોમાં રીટેન્શન મની જે રાખેલા હોય તે રીસીપ્ટમાં ગણાશે.

(૬) કામ એક વર્ષથી વધુ વર્ષ માટે ચાલુ રહે તો તા.૩૧-૦૩-૨૦૧૯ સુધી થયેલા કામનું નફો-નુકશાન બતાવવું પડે કારણ પ્રોજેક્ટ પુરો થયેથી નફો-નુકશાન બતાવવાની પધ્ધતિ બંધ થઈ છે.

(૯) બિલ્ડરોના કેસમાં નફો કેવી રીતે બતાવવો તેની વિશિષ્ટ જોગવાઈ કરેલી છે તે માટે બિલ્ડર ભાઈઓએ આ પધ્ધતિ સમજવા માટે રૂબરૂ મળવું.

(૧૦) ઉત્પાદકોના કેસમાં પણ ઉપર પ્રમાણે ફીનીશ્ડ પ્રોડકટ, રો મટીરીયલ્સ-સેમી ફીનીશ્ડ ગુડસ-કન્ઝુમેબલ સ્ટોર્સ વિગેરેનો સ્ટોક ઉપરોકત વિગત પ્રમાણે ગણતરીમાં લેવો જોઈએ.

## (૨૦) ખુલાસો ના કરી શકાય તેવી જમા રકમો તથા ઈન્વેસ્ટમેન્ટ અંગે ટેકસની જવાબદારી

(૧) વર્ષ દરમ્યાન માલીક કે ભાગીદારના ખાતામાં કે ડીપોઝીટરના ખાતામાં એકાઉન્ટ પેયી ચેક થી કે રોકડ રકમો જમા કરી હોય તેનો જે ખુલાસો કરવામાં આવે તે ઈન્કમટેક્ષ ખાતુ માન્ય ના રાખે તો કુલ ૬૦% ટેક્ષ + સરચાર્જ + સેસ + પેનલ્ટી લાગે.

(૨) વર્ષ દમ્યાન કોઈ ઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવેલ હોય જે ચોપડે ઉધારેલું હોય કે ના ઉધારેલું હોય પરંતુ તે માટે કરેલો ખુલાસો ઈન્કમટેક્ષ ખાતું માન્ય ના રાખે તો ઉપર મુજબ ટેક્ષ + દંડ લાગશે.

(૩) વર્ષ દરમ્યાન કોઈપણ રકમ કે સોનું કે ઝવેરાત કે દાગીના કે કીંમતી વસ્તુઓ કઈ આવકમાંથી રોકાણ કરી મેળવેલ છે તેના પુરાવા રજૂ કરવામાં ના આવે કે રજૂ કરેલા પુરાવા ઈન્મકટેક્ષ ખાતુ માન્ય ના રાખે તો ઉપર મુજબ ટેક્ષ + દંડ લાગશે.

(૪) ઈ.ટેક્ષના સર્વે દરમ્યાન જો ચોપડા કરતાં વધારે રોકડ કે માલ સ્ટોક કે અન્ય રોકાણો મળી આવે તો તેના ઉપર પણ ઉપર મુજબ ટેક્ષ + પેનલ્ટી લાગે.

## (૨૧) પેનલ્ટી માટેની જોગવાઈ :-

(૧) આવક ઓછી બતાવવા બદલ ૫૦% દંડ

નીચેના સંજોગોમાં આવક ઓછી બતાવેલી ગણાશે :-

(૧) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે ની આવક રીટર્ન માં બતાવેલી આવક કરતા વધુ હોય તો જેટલી આવક વધારે હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૨) રીટર્ન ભરેલું ના હોય અને એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે કરમુકતી મર્યાદા બાદ કર્યા પછી જે વધારે આવક હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૩) રી એસેસમેન્ટ ના કેસમાં ઓરીજનલ એસેસમેન્ટ કરતાં આવક ની વધારેલી રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૪) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે MAT / AMT હેઠળ નક્કી કરેલી DEEMED ટોટલ ઈન્કમ કલમ 143 (1) A હેઠળ ઈન્ટીમેશનમા લીધેલી ટોટલ ઈન્કમ થી વધારાની રકમ ઓછી આવક બતાવી તેમ ગણાશે.

(૫) એસેસમેન્ટ કે રી એસેસમેન્ટ ના કારણે નુકશાન ની રકમ માં ઘટાડો થાય તો ઘટાડો થયેલી રકમ ઓછી આવક બતાવી તેમ ગણાશે.

(૨) આવક ખોટી બતાવવા બદલ ૨૦૦% દંડ

નીચેના સંજોગોમા આવક ખોટી બતાવેલી ગણાશે :-

(૧) હકીકતોને છુપાવવામાં આવી હોય કે ખોટી રજુઆત કરવામાં આવી હોય

(૨) હીસાબી ચોપડામાં રોકાણ કે અન્ય વિગત નોંધેલી ના હોય

(૩) ખર્ચ માટે કોઇ પુરાવા રજુ કરેલ ન હોય

(૪) હીસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી નાંખી હોય

(૫) આવકની ગણત્રી માટેની કોઇ રકમ હીસાબી ચોપડામાં નોંધી ના હોય

(૬) ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેકશન કે ડોમેસ્ટીક ટ્રાન્ઝેકશન ના ઓડીટ રીપોર્ટ ના કરાવ્યા હોય

(૩) પેનલ્ટી માટેની ઉપર પ્રમાણે કાયદામાં ચોક્કસ જોગવાઇ કરેલી છે એટલે દરેક વેપારી ભાઈએ હીસાબી ચોપડામાં પાડેલ નામાના જરૂરી પુરાવા તૈયાર રાખવા અને રીટર્નમાં કોઈ આવક કે વિગત દર્શાવવાની રહી ના જાય તેની કાળજી લેવી જરૂરી છે.

**(૨૨) સર્ચ-દરોડાના કેસમાં સમયમર્યાદા અને પેનલ્ટીની જોગવાઇ :-**

(૧) સર્ચ અને દરોડાના કેસમાં પાછલા વર્ષના કેસો રીઓપન કરવાની સમયમર્યાદા જે ૬ વર્ષની હતી તે વધારીને ૧૦ વર્ષની કરવામાં આવી છે.

(૨) દંડની જોગવાઇ :-

(૧) સર્ચ કે દરોડાની કાર્યવાહી તા.૧૫/૧૨/૨૦૧૬ પછી કરવામા આવી હોય તો:-

(૧) દરોડા દરમ્યાન સ્ટેટમેન્ટમાં બીન હિસાબી આવક અને તેની કમાણીનો સ્તોત્ર આધાર સાથે જાહેર કરે અને સમયમર્યાદામાં ટેક્ષ અને વ્યાજ ભરીને આવી બિન હિસાબી આવક જાહેર કરીને રીટર્ન સમયમર્યાદામાં ભરે તો આવી બિનહિસાબી આવકના ૩૦% દંડ લાગે.

(૨) બિનહિસાબી આવક માટે ઉપર (૧) માં લખ્યા પ્રમાણેની જોગવાઇ લાગુ પડતી ના હોય તો આવી આવકના ૬૦% લેખે દંડ લાગે.

**(૨૩) ગીફ્ટ-બક્ષીસ અંગે ઈન્કમટેક્ષ ની જોગવાઇ :-**

(૧) વ્યકિત કે HUF ને એક નાણાંકીય વર્ષમાં એક જ વ્યકિત કે વધારે વ્યકિતઓ પાસેથી કુલ રૂ. ૫૦,૦૦૦/- અંકે રૂ. પચાસ હજાર સુધીની રોકડા/ચેક કે વસ્તુ કે મિલ્કતના રૂપમાં મળેલી બક્ષીસ માફ છે.

(૨) પરતું જો ઉપર પ્રમાણે રૂ. ૫૦,૦૦૦/- થી વધુ રકમની બક્ષીસ મળેતો બક્ષીસની બધી રકમ આવક ગણાય છે. અને જે તે વર્ષની આવકમાં ઉમેરવામાં આવશે.

D.P. Thakker & Co.

(૩) વ્યકિતને જો તેના નીચે લખેલા સગા પાસેથી કુદરતી વહાલ અને પ્રેમ ના કારણે બક્ષીસની રકમ મળી હોય તો આવક તરીકે ગણાશે નહિં.

(૧) માતા -પિતા (૨) દાદા-દાદી (૩) નાના-નાની (૪) પતિ-પત્ની (૫) ભાઇ-ભાભી (૬) બહેન-બનેવી (૭) પુત્ર-પુત્રવધુ (૮) પુત્રી-જમાઇ (૯) પૌત્ર-પૌત્રવધુ (૧૦) પ્રપૌત્ર-પ્રપૌત્રવધુ (૧૧) સાળી-સાઢુ (૧૨) સાળા-સાળાવેલી (૧૩) સાસુ-સસરા (૧૪) વડસાસુ-વડસસરા (૧૫) નણંદ-નણદોઇ (૧૬) જેઠ-જેઠાણી (૧૭) દિયર-દેરાણી (૧૮) કાકા-કાકી (૧૯) મામા-મામી (૨૦) માસા-માસી (૨૧) ફોઇ-ફુઆ

(૪) ઉપર જણાવેલા સગા સિવાય બીજા કોઇપણ સગા પાસેથી બક્ષીસની રકમ કે વસ્તુ કે મિલ્કત મળી હોય તો તેવી બક્ષીસ રૂ. ૫૦,૦૦૦/- થી વધુ હોય તો આવક ગણાય.

(૫) HUF ના કેસમાં તેના સભ્યોનો સમાવેશ થાય છે એટલે વ્યકિતને તેના HUF પાસેથી મળેલી બક્ષીસ આવક ગણાશે નહિં પરંતુ વ્યકિત જો તેના HUF ને બક્ષીસ આપે તો આવી બક્ષીસની રકમમાંથી ઉદ્દભવતી આવક વ્યકિતના કેસમાં ઉમેરવામા આવશે.

(૬) વ્યકિત કે HUF સિવાય કોઇપણ શખ્સને રૂ. ૫૦,૦૦૦/- થી વધુ રકમની બક્ષીસ મળેતો કર પાત્ર ગણવામાં આવશે.

(૭) અપવાદરૂપે નીચે જણાવેલી બક્ષીસની રકમ આવક ગણાશે નહિં.

(૧) વ્યકિતને લગ્ન પ્રસંગે મળેલ બક્ષીસની રકમ (૨) વ્યકિત કે તેના HUF ને વીલ થી કે વારસાથી મળેલ રકમ

## (૨૪) G.S.T :-

(૧) તા.૧-૭-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૮ સુધીના પીરીયડમાં દરેક વેપારીએ જે ITC માંગી હોય તે GSTR 2A માં રીફલેકટ થવી જરૂરી છે. નહિંતર જે ITC નું મીસમેચ હશે તેની ક્રેડીટ GST ડીપોર્ટમેન્ટ આપશે નહીં.

(૨) અમારા બધા અસીલોને અમે તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધીના 2A ફોર્મ મોકલેલ છે. તેના ઉપરથી તમે માંગેલ ITC મેળવી લેવી અને જે પાર્ટીની ITC ફોર્મ 2A માં ન હોય તેને ફોનથી જાણ કરીને તેનું GSTR-1 રીટર્ન ચેક કરીને જરૂરી એમેન્ડમેન્ટ કરવા કહેવું.

(૩) તા. ૩૧-૩-૨૦૧૮ સુધીના પીરીયડની ITC ની મીસમેચ ફેબ્રુઆરી તથા માર્ચ ૨૦૧૯ ના GSTR-1 માં સુધારી શકાશે. ત્યારબાદ સુધારી શકાશે નહીં.

(૪) એડવોકેટ ફી તથા એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ સીવાયની ચીજ વસ્તુઓનું ટ્રાન્સપોર્ટ ભાડું ચુકવેલ હોય અને તેનો RCM ભરેલ ન હોય તો તેની વિગત અમને આપવી જેથી RCM નું ચલણ ભરવા માટે મોકલી શકાય.

(૫) ૧-૪-૨૦૧૯ થી રૂ. ૧.૫ કરોડ (દોઢ કરોડ) સુધીનું ટર્ન ઓવર હોય તે વેપારીઓ લંપસમ ટેક્ષ ભરવાનો ઓપ્શન લઇ શકશે. એટલે જે વેપારીઓનું FY ૨૦૧૮-૧૯ ના વર્ષમાં રૂ. દોઢ કરોડ થી ઓછું ટર્ન ઓવર હોય તેમને જો ૧-૪-૨૦૧૯ થી લંપસમ ટેક્ષ ભરવાનો ઓપ્શન લેવો હોય તો ૩૧-૩-૨૦૧૯ સુધીમાં ઓનલાઇન અરજી કરી દેવી પડે. જે વેપારીઓએ લંપસમ નો ઓપ્શન લીધેલ હોય તેમણે ફરી અરજી કરવાની જરૂર નથી.

અમો આશા રાખીએ છીએ કે ઉપરનું માર્ગદર્શન તમને ઉપયોગી થશે. આ અંગે વિશેષ માહિતી માટે અમારો રૂબરૂ સંપર્ક કરવો

લી.

ધીરુભાઇ-કનુભાઇ

પીયુષભાઇ-નીખીલભાઇ

D. Thakker & Co.